**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૨૬ ટકા

# આજે શહેરમાં શિવભકિતનો દિવ્ય ઉજાસ પથરાશે

**શહેરના વિવિધ શિવમંદિરોમાં રંગોળી, રોશની અને રંગબેરંગી ફુલોનો શણગાર : શિવાલયોમાં લઘુરૂદ્ર, ચાર પ્રહરની પુજા, શિવમહિમ્ન, વિશેષ શિવપુજા અને મહાઆરતીમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે : નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના પ્રગટશે**







ગાંધીનગર, તા.૨૦

આજે શિવરાત્રી શિવજીની આરાધના માટેનો શ્રેષ્ઠ દિવસ આમ તો બારેમાસ ભોળાનાથની પુજા અર્ચના માટે ભાવિકો ઉત્સુક જોવા મળે છે. જયારે નગરના શિવમંદિરોમાં પણ ભાવિકોની રોજ ભીડ રહે છે. પરંતુ શિવરાત્રી નિમિત્તે શિવપુજા અર્ચનાનુ વિશેષ મહત્વ હોવાથી ભાવિકો શિવલીંગ પર અભિષેક કરવા સહીત અનેક વિધ ધાર્મિક કાર્યક્રમો માટે ઉત્સુક હોય છે. નગરના શિવાલયોમાં પણ વિશેષ શણગાર જોવા મળશે. રંગબેરંગી રોશની અને રંગોળી સાથે ફુલહારના શુસોભનથી દિવ્ય શિવમંદિરો વધુ ભવ્ય જોવા મળશે. ઓમ નમ : શિવાયના જયઘોષથી શિવાલયો ગુંજી ઉઠશે. શિવલીંગ પર દુધ તેમજ જળનો અભિષેક કરી ભાવિકો ધન્યતા અનુભવશે. નગરના શિવમંદિરોમાં લઘુરુદ્ર, ચાર પ્રહરની પુજા, શિવમહીમ્ન સ્તોત્ર, ભજન અને આરતી સહીતના કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે નગરના સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર, ધોળેશ્વર મહાદેવ તેમજ વાસણિયા મહાદેવ મંદિર પાસે પ્રતિવર્ષ શિવરાત્રી નિમિત્તે ભવ્ય મેળાનુ પણ આયોજન કરવામાં આવે છે.

આજે શિવરાત્રીના પાવન અવસરે ભાવિકો શિવજીની કૃપા મેળવવા માટે શિવલીંગ પર દુધ અને જળનો અભિષેક કરશે. ભોળાનાથને બીલીપત્ર અર્પણ કરી મનોકામના પુર્ણ કરવા આર્શીવાદ પ્રાપ્ત કરશે. શિવજી સૌથી ભોળા હોવાથી ભાવિકો પર જલ્દીથી પ્રસન્ન થઈ જતા હોવાની શ્રધ્ધા સાથે ભાવિકો ઓમ નમ : શિવાયના દિવ્ય મંત્ર કરે છે. ગાંધીનગરમાં પણ શિવરાત્રીના પાવન પર્વની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવે છે. નગરના સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે દિવ્ય શણગાર વચ્ચે ભગવાન શિવની વિશેષ પુજા અર્ચના કરવામાં આવશે. સે-૧૬ બ્રહ્મભવન સ્થિત સોમનાથ મહાદેવ મંદિર ખાતે પણ શિવપુજા સાથે વિશેષ પુજા અને ભવ્ય શણગાર પણ જોવા મળશે. સે-૨૧ વૈજનાથ મહાદેવ મંદિર, સે-૪ ઓમકારેશ્વર મંદિર, સે-૧ સમદર્શન આશ્રમ, વાવોલના સિધ્ધનાથ મહાદેવ મંદિર, કોટેશ્વર મહાદેવ, ધોળેશ્વર મહાદેવ ઉપરાંત વાસણિયા મહાદેવ મંદિરમાં પણ શિવરાત્રી નિમિત્તે મહાપુજા અને મહાઆરતી સાથે વિશેષ પુજા અર્ચના અને અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. બ્રહ્માકુમારીઝ દ્વારા પણ શિવરાત્રીની ધામધુમપુર્વક ઉજવણી કરવામાં આવશે. પેથાપુરના પ્રાચીન તીર્થ સુખડેશ્વર મહાદેવ મંદિર ખાતે પણ ભાવિકોનો બરફના શિવલીંગના દર્શન થશે. આ ઉપરાંત વિશેષ પુજા અર્ચના પણ યોજાશે. જયારે સે-૨૮ દત્ત મંદિર ખાતે સાંજે ૬ કલાકે હોમાત્મક લઘુરુદ્ર અને રાત્રિના ૮ કલાકે અભિષેકાત્મક લઘુરુદ્રનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. શહેરના શિવમંદિરોમાં શિવજીના પ્રસાદરૂપે ભાંગના પ્રસાદનુ પણ વિતરણ કરવામાં આવશે.

## પંચદેવ મંદિરે શિવરાત્રીના મેળાની તૈયારીઓ

શહેરના સેકટર-૨૨ ખાતેના સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરે દર મહા શિવરાત્રીએ યોજાતા લોક મેળાની તૈયારીઓ આખરી તબક્કામાં જોવા મળી હતી. જેમાં ચકડોળ સહિતની બાળકો માટેની અનેકવિધ મનોરંજક રાઈડસ, રમકડાં, વાસણ, હાથ બનાવટની ચીજવસ્તુઓ, કટલરી આઈટમો, તોરણ ફલાવર પોટ જેવી સજાવટની ચીજવસ્તુઓ, ક્રોકરી, કપડાં સહિત અનેક ચીજવસ્તુઓનું બજાર ભરાશે. પંચદેવ મંદિરે વહેલી સવારથી ભગવાન ભોળાનાથને અભિષે-પૂજા અર્ચના યોજાશે તેમજ અત્રે બ્રહ્માકુમારીઝ દ્વારા બરફના અમરનાથના દર્શન શિવ અવતરણ વિડિયો શૉ અને પ્રદર્શની જેવા આકર્ષણો પણ તૈયાર કરાયા છે.

# મેગા પ્લેસમેન્ટ કેમ્પમાં સ્થળ પર જ નિમણૂંક પત્રો અપાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ખાતે આજે જિલ્લા કક્ષાના પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન સરકારી વાણિજય કૉલેજ, સેકટર-૧૫ના યજમાન પદે કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાની તમામ કોલેજના વિદ્યાર્થીઓની રોજગારી માટે ઓનલાઈન નોંધણી કરવામાં આવી હતી. આ નોંધણી થયેલ વિદ્યાર્થીઓને તેમની વિદ્યાશાખા મુજબ આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સની સરકારી કૉલેજ ખાતે ઉપસ્થિત રહેલા વિવિધ કંપનીના અધિકારીઓ સામે ઈન્ટર્વ્યુ માટે મોકલવામાં આવ્યા હતા. આ સાથે ઓનલાઈન નોંધણી સિવાયના સ્થળ ઉપર હાજર રહેલા વિદ્યાર્થીઓને પણ રોજગાર મેળવવા માટે સ્પોટ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન



પદે ઉપસ્થિત મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલે રાજય સરકારની યુવાનોને રોજગારી આપવાની કટીબદ્ધતા વ્યકત કરીને પ્રિ-પ્લેસમેન્ટ કરી આઠ જેટલા વિદ્યાર્થીઓને રોજગારી માટેના નિમણૂક પત્રો આપ્યા હતા. યુવાનોને પ્રોત્સાહન આપવા માટે શહેરના મેયર રીટાબેન પટેલ, સ્ટેન્ડીગ કમિટિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, કલેકટર ડૉ.કુલદીપ આર્ય, અધિક કમિશનર નારાયણ માધુ, ડૉ.એમ.જી. ભટ્ટ, ડૉ.આર.બી.કોઠારી વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રકારના રોજગાળા મેળા યુવાનો માટે ખૂબ ઉપકારક નીવડે છે. જેનો કંપની તરફથી સકારાત્મક પ્રતિભાવ મળતા ૭૫ કંપનીઓ અને ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્લેસમેન્ટ કેમ્પમાં લેવાયેલા ઈન્ટર્વ્યુમાં સફળતા મેળવેલ વિદ્યાર્થીઓને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. આ સમગ્ર રોજગાર ભરતી મેળાનું આયોજન સરકારી વાણિજય કૉલેજના આચાર્ય તથા નોડેલ અધિકારીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેને પાટનગરની ત્રણેય સરકારી કૉલેજના અધ્યાપકોએ ટીમવર્ક દ્વારા સફળ બનાવ્યું હતું.

## વિધાનસભા ખાતે ઈન્દુલાલ યાજ્ઞિકના જન્મદિવસ નિમિત્તે પુષ્પાંજલિ અપાશે

ગાંધીનગર, તા.૨૦

સ્વાતંત્ર્ય સેનાની, મહાગુજરાત અને પ્રજાકીય આંદોલનના પ્રણેતા શ્રી ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિકના ૧૨૯મા જન્મદિવસ નિમિત્તે આગામી તા.૨૨ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ ગુજરાત વિધાનસભા ખાતે પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને વિધાનસભાના અધ્યક્ષશ્રી દ્વારા પુષ્પાંજલિ આપવાનું નક્કી કરાયું છે. શુક્રવાર સવારે ૯.૩૦ કલાકે યોજાનાર આ પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમમાં જાહેર જનતાને ઉપસ્થિત રહેવા ગુજરાત વિધાનસભા સચિવશ્રીની યાદીમાં જણાવાયું છે.



રાજયમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા અંતર્ગત વાંચન-લખન-ગણનના પાયા કૌશલ્યને બળવત્તર બનાવવા સમયદાન અભિયાન ચલાવાય છે. આ અભિયાન હેઠળ કલ્યાણજીના પરાની કુમાર શાળાના શિક્ષિકા રેખાબેન કાન્તિલાલ વ્યાસને મૂલ્યવાન સમય આપવા પ્રમાણપત્ર અપાયું છે. જે બદલ પ્રાથમિક શિક્ષણ નિયામક ડૉ. આઈ.એસ. જોષીએ રેખાબેન વ્યાસને શુભકામના અને અભિનંદન પાઠવ્યા છે.

# નિસર્ગ દ્વારા રોકેટરી મોડેલ વર્કશોપ થકી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૦

ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામનની યાદમાં દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીના રોજ ભારત સરકાર દ્વારા 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિન' તરીકે ઉજવાય છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આ દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૧૮-૨-૨૦ના રોજ વાવોલની આદર્શ નિવાસી શાળા ખાતે મોડેલ રોકેટરી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણાએ વિદ્યાર્થીઓને રોકેટ વિશે સમજુતી આપી હતી. રોકેટના વિવિધ ભાગો અને તેની કાર્યપ્રણાલી વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. જીએસએલવી અને પીએસએલવી રોકેટ વિશે વિદ્યાર્થીઓને સમજુતી આપી હતી. રોકેટ વિજ્ઞાનના કયા સિધ્ધાંત પર કામ કરે છે તેની પણ વિગતવાર ચર્ચા કરી હતી.





વિદ્યાર્થીઓએ કાર્ડ પેપર અને ચાર્ટ પેપરનો ઉપયોગ કરીને સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ અને પેરાશુટ રોકેટ બનાવ્યું હતું. રોકેટ કેટલી ઊંચાઈએ ગયું તેની વૈજ્ઞાનિક ગણતરી પણ વિદ્યાર્થીઓનો શીખડાવવામાં આવી હતી. શાળાના ઉત્સાહી વિજ્ઞાન શિક્ષક વીરલભાઈ પરમાર દ્વારા રીમોટ કંટ્રોલથી રોકેટનું લોન્ચીંગ પણ કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં આદર્શ નિવાસી શાળા, વાવોલનાં ૧૧૦ વિદ્યાર્થીઓ અને ૯ જેટલા શિક્ષકોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમના આયોજનમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

## ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક મળશે

ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગરની ફેબ્રુઆરી માસની બેઠક તા. ૨૨ ફેબ્રુઆરી શનિવારના રોજ અરૂણભાઈ બૂચના નિવાસસ્થાન ૨૨૦ અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટ, સે-૨૦ ખાતે સાંજના ૪.૩૦ કલાકે મળશે. બેઠકમાં આગામી આયોજન તેમજ ગાંધી સાહિત્યનું વાંચન થશે. સૌ ગાંધી પ્રેમી નાગરિકો-સભ્યો તથા ભાવકોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

## શનિવારે ડો. આંબેડકર હોલ ખાતે નાટક 'એક લાલની રાણી' યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સેકટર-૧૨માં ડો.બાબા સાહેબ આંબેડકર હોલમાં આગામી તારીખ ૨૨મી ફેબ્રુઆરી શનિવારના રોજ રાત્રે ૯ કલાકે ગુજરાતની પીઢ અભિનેત્રી તથા હેલ્લો ફિલ્મના નેશનલ ફિલ્મ એવોર્ડ વિજેતા અભિનેત્રી જાગૃતિ ઠાકોર દ્વારા દિગ્દર્શિત નાટક 'એક લાલની રાણી' યોજાશે આ નાટકની પ્રોડકશન ડિઝાઈન જાણીતા ડિઝાઈનર સહ નિર્માતા ફાલ્ગુન ઠાકોર દ્વારા કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી આયોજીત તથા હરીશ નાગ્રેચા લિખિત આ નાટકમાં અમદાવાદના જાણીતા પીઢ કલાકાર હરેશ ડાગીઆ, દિપેન રાવલ તથા યુવા કલાકાર અભય નાગર અને ગાંધીનગરની યુવા કલાકાર શિવાની નાયક તેમજ શિવાની મોઢ અભિનયનાં અજવાળાં પાથરશે. ભૂતકાળનો ગુલામ અને ભવિષ્ય કારમાં બાદશાહ વર્તમાનની સીકવન્સ પૂરી કરવા સતત ઝંખે તેવી થીમ આધારિત નાટક 'એક લાલની રાણી'માં એવા બે મિત્રોના વ્યક્તિત્વ અને જીંદગીની વાત છે જે બન્ને નાનપણમાં સાથે રમ્યાં, જમ્યા, લડયાં, પડયાં, ઉભા થયા, લડખડાયા અને મુગ્ધાવસ્થાની મસ્તી માણી પછી પોતપોતાના સપનાં સાકાર કરવા વિખૂટા પડયાં અને વર્ષો પછી બંને એક સરખી નિષ્ફળતા, અસંતોષ અને અધૂરા સપનાનું ભાથું લઈને ફરી મળ્યા ત્યારે એક સ્વપનાનો પ્રવેશ થયો અને ફરી બંનેએ પત્તાની રમત અને જીવનની રમતમાં રંગ શોધવાની રમત શરુ કરી તેની વાસ્તવિકતાની રમુજ ભરેલી વાર્તા આવરી લેવામાં આવી છે. આ નાટકને માણવા ગાંધીનગરની નાટ્યપ્રેમી જનતાને વિના મૂલ્યે વહેલા તે પહેલાના ધોરણે જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## સમસ્ત ખડાયતા સમાજ દ્વારા ઊંધીયા ઉજાણી

સમસ્ત ખડાયતા સમાજ ગાંધીનગર દ્વારા વસંતઋતુમાં ઊંધીયા ઉજવણીના કાર્યક્રમનું આયોજન તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ બપોરે ૩.૩૦ થી ૮ વાગ્યા દરમિયાન સે-૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આ દિવસે ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રથમ ત્રણ કેજીથી કોલેજ સુધીના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ, ૭૦ વર્ષ પૂર્ણ કરતા વડીલોનું સન્માન તથ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે. સંસ્થાના પ્રમુખ જે.ઓ. શાહ દ્વારા સર્વે જ્ઞાતિબંધુને પાસ સમયસર મેળવી લવા તથા સમયસર હાજર રહેવા સાથે વધુ માહિતી માટે તથા પાસ લેવા માટે વિનય ટ્રેડર્સ૯૯૨૫૦૧૨૪૮૬, જે.ઓ. શાહ, ૯૭૨૭૭૬૮૮૮૩, સંજય શાહ ૯૪૨૭૩૭૭૦૭૭, રાજુભાઈ મહેતા ૯૩૭૭૭૮૨૮૩૬નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની મુલાકાતે માલદીવ્સનું ઉચ્ચ પ્રતિનિધિ મંડળ




ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ખાતેની ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની ખ્યાતિ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસરવા પામી છે અને અહીં અનેક દેશોના વડાઓથી માંડીને સુરક્ષા અધિકારીઓ તથા તાલીમાર્થીઓ ગુન્હા નિવારણ અંગેની અદ્યતન ટેકનોલોજીને જાણવા-શિખવા આવે છે. ગુરુવારે માલદીવ્સના કેન્દ્રિય ગૃહમંત્રી શેખ ઈમરામ અબ્દુલા, ગૃહ રાજયમંત્રી અલી નઝર, પોલીસ કમિશનર મોહમ્મદ હમીદ, તાલીમ અને વિકાસ વિભાગના વડા અહેમદ અબ્દુલ રહેમાન તથા આંતરરાષ્ટ્રીય સંબંધ વિભાગના હેડ રાણા વહીદ સાથેનું પ્રતિનિધિ મંડળ જીએસએફયુની મુલાકાતે પધાર્યુ હતું. આ ઉચ્ચ કક્ષાના પ્રતિનિધિ મંડળે ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે વિવિધ અદ્યતન ટેકનોલોજી, સાયબર ડિફેન્સ સેન્ટર, બેલેસ્ટિક રિસર્ચ એન્ડ ટેસ્ટિંગ સેન્ટર, ઈન્સ્ટિટયુટ ઓફ ફોરેન્સિક સાયન્સ, ઈન્સ્ટિટયુટ ઓફ બિહેવીયરલ સાયન્સ, ઈન્સ્ટિટયુટ ઓફ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વગેરે વિભાગોની મુલાકાત લીધી હતી અને જીએસએફયુની ટેકનોલોજીથી પ્રભાવિત થયા હતા. ટૂંક સમયમાં માલદીવ્સ સરકાર અને જીએસએફયુ વચ્ચે એમઓયુ કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૦૦, ૧૧.૩૫, ૧.૧૫, ૨.૧૦, ૪.૪૫, ૭.૨૦, ૯.૫૫, ૧૦.૫૫

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૫,૧૫, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૫, ૧૦.૪૫

**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૧૫, ૫.૦૫

**મલંગ**
૨.૧૫, ૮.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૨૫, ૧૦.૧૫, ૧૨.૦૦, ૧.૫૦, ૨.૪૦, ૩.૩૫

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૩૫, ૧૧.૧૦, ૧૨.૧૦, ૨.૫૦, ૪.૩૦, ૫.૩૦, ૮.૧૦, ૯.૫૦, ૧૦.૫૦

**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫

**મલંગ**
૧.૩૫, ૬.૧૦

**તાન્હાજી**
૧૨.૫૦

## @ગાંધીનગર

● સંસ્કાર ગૃપના બાળકો દ્વારા શિવરાત્રી પર્વ નિમિત્તે સવારે ૯ થી ૧૦ દરમિયાન સે-૭ બગીચા ખાતે ભોળા મહાદેવની પૂજા અર્ચના કરી જગત કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવશે.

● જલારામ મંદિર ખાતે મહાશિવરાત્રી નિમિત્તે સવારે ૭ વાગ્યે શિવપૂજન, ૧૦.૩૦ વાગ્યે ધ્વજાની શોભાયાત્રા, બપોરે ૧૨ વાગ્યે ધ્વજારોહણ તથા સવારે સાતથી સાંજના પાંચ વાગ્યા સુધી બિલિપત્ર અભિષેક.

● સે-૨૮માં દત્ત મંદિર ખાતે રૂદ્રાભિષેક મંડળ દ્વારા સવારે ૯ કલાકે હોમાત્મક લઘુરૂદ્રનો પ્રારંભ થશે.

● સે-૨૮માં દત્ત મંદિર ખાતે રંગ અવધૂત પરિવાર દ્વારા અભિષેકાત્મક લઘુરૂદ્ર રાત્રે ૮ કલાકે યોજાશે.

● બાલા હનુમાન મંદિર સે-૨ ખાતે મહાશિવરાત્રી નિમિત્તે સવારથી જ યજ્ઞ, આનંદનો ગરબો તથા સુંદરકાંડના પાઠ યોજાશે.

● સોમનાથ મહાદેવ મંદિર સે-૧૬ ખાતે મહાશિવરાત્રી નિમિત્તે પ્રહર પૂજા તથા લઘુરૂદ્ર હોમ યોજાશે.

● સમદર્શન આશ્રમ સે-૧ ખાતે મહાશિવરાત્રી નિમિત્તે કૃપાનિધિ મહાદેવની પૂજાનું આયોજન.

● લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફોર્ટ દ્વારા મહાશિવરાત્રી નિમિત્તે રામકથા મેદાન ખાતે રાત્રી ચાર પ્રહર પૂજા યોજાશે.

● રામેશ્વર મંદિર સે-૩-ડી ખાતે સવારે ૭ થી સાંજે ૮ વાગ્યા દરમિયાન મહાશિવરાત્રી નિમિત્તે બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા બરફના અમરનાથ બાબાની ઝાંખીનું આયોજન.

● બ્રહ્માકુમારીઝ કેન્દ્ર સે-૨૭ ખાતે મહાશિવરાત્રી નિમિત્તે બરફના અમરનાથ દર્શન, બાળકો માટે ગેમ્સ, શિવ અવતરણ વિડિયો શૉ તથા ધ્યાન કુટીર યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ સાંકળચંદ ઈશ્વરદાસ, ઉ.વ. ૭૬
- સ્વ. પટેલ ફાલ્ગુનીબેન રિંકલકુમાર, ઉ.વ. ૩૯
- સ્વ. જીજ્ઞેશ પ્રહલાદજી મકવાણા, ઉ.વ. ૨૦
- સ્વ. કમળાબેન ગોમજીભાઈ ભાભોર, ઉ.વ. ૭૬
- સ્વ. લક્ષ્મણજી મોતીજી બિહોલા, ઉ.વ. ૮૩
- સ્વ. રજનીભાઈ પ્રેમજીભાઈ પરમાર, ઉ.વ. ૬૨